



## રાજકોટ ચેમ્બર ઓફ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ના હોદેદારો દ્વારા બેંક ઓફ બરોડા ના આસિસ્ટન્ટ જનરલ મેનેજરશ્રીની મુલાકાત લઇ નિકાસકારોને MEIS સ્કીમ હેઠળના મળવાપાત્ર લાભ બાબતે રજુઆત કરવામાં આવેલ...

હાલમાં બેન્ક ઓફ બરોડા મેઈન બ્રાન્ચના નવ નિયુકત થયેલ આસીસટન્ટ જનરલ મેનેજરશ્રી એલ. લિવ્યોન ની રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા તથા માનદ્ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ શુભેચ્છા મુલાકાત લઈ બેન્કીંગ સેવાને લગતા વિવિધ પ્રશ્નોની રજુઆત કરેલ. જેમાં નિકાસકારો હાલ કોરોના મહામારીના લોકડાઉનમાંથી પસાર થઈ રહયા છે તથા આર્થીક મંદીનો સામનો કરી રહયા છે અને

ધંધા-રોજગાર ઉપર ગંભીર અસર પડી રહી છે. ત્યારે કેન્દ્ર સરકારની નિકાસકારો માટેની MEIS સ્કીમ તા.૩૧-૧૨-૨૦૨૦ ના રોજ પુર્ણ થઈ રહી છે. અને તા.૧-૯-૨૦૨૦ ત્રણ મહિના સુધીના MEIS સ્કીમના સરકારશ્રી દ્વારા ૫૦૦૦ હજાર કરોડના લાભ નિકાસકારો માટે ફાળવવામાં આવેલ છે. જે લાભ નિકાસકારોને વહેલા તે પહેલાના ધોરણે મળવાપાત્ર છે. પરંતુ તેનું સંપુર્ણ કામકાજ બેન્ક ઓફ બરોડાની બેક ઓફિસ અમદાવાદથી થઈ રહયું છે જેથી ત્યાં પુરતો સ્ટાફ ન હોય અને સમય નો વ્યય પણ થતો હોવાથી નિકાસકારોને MEIS સ્કીમનો  ૩% લાભ પણ મળી શકે તેમ નથી. તેથી રાજકોટની બેન્ક ઓફ બરોડાની મેઈન બ્રાન્ચમાં તેનું કામકાજ સોંપવામાં આવે તો નિકાસકારો આ સ્કીમનો યોગ્ય લાભ લઈ શકે અને સમય પણ બચી શકે તેવી રાજકોટ ચેમ્બર દ્વારા રજુઆત કરવામાં આવેલ. જેને માન્ય રાખી આસીસટન્ટ જનરલ મેનેજરશ્રીએ હકારાત્મક અભિગમ દર્શાવી તેનો યોગ્ય નિકાલ લાવવા ખાત્રી આપેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.